# Patelbhai

**Ismail Ahmad Daji Patel**
**1920-2010**

**Ahmad Lunat 'Gul'**

**Translation**
**Dr. E. I. Dadibhai**

**Gujarati Writers Forum**
27, James Street
Batley, WF17 7PS, UK
Telephone: +44 1924 474358 / 440867

**PATELBHAI:** *Ismail Ahmed Daji Patel: A biographical sketch by Ahmad Lunat Gul*

© GWF

First Edition: July 2022
Second Edition: September 2022
Third Edition: January 2023

**Publishers:**
Gujarati Writers Forum
27 James Street
Batley
WF17 7PS UK

**Printed by** Anthony P. Vedam, SJ at Anand Press,
St. Xavier's Road, Gamdi-Anand – 388 001,
Gujarat, India.

**Email:** anandpress@gmail.com

# Patelbhai


## Dilavar Valli Dasanwala

Fmr Chair, VVUK


Respected elders and friends,

The title of this book is "Patelbhai". It tells the uncommon story of a common man. Ismail Ahmad Daji who was popularly known as Patelbhai was an ordinary man who led an extraordinary lifestyle. Patelbhai stood out when he lived in India, and after he came to live in the UK.

Let me give you some examples. When he was in Alipore village, India, his lifestyle was offbeat in the following ways:

1. He was the only one in the village whose house had a nameplate, with IN and OUT sign.
2. A barber came to his house every week to trim his hair, and this ceremony took two hours.
3. He found a job in Bombay, he did not like the look of his office. So, in the absence of his boss, he got the office painted and decorated.
4. When the boss returned, he got upset and Patelbhai lost his job.
5. His friend got a beautiful shirt from a relative who was in South Africa. Patelbhai liked the shirt, so he said to his friend, "If you give me this shirt, I will buy you two new shirts in return." The friend agreed and the Patelbhai got the shirt from South Africa.

His unusual lifestyle continued after he came to live in Batley. These are a few examples:

1. He worked in the textile mill. All the other workers wore casual working clothes, but Patelbhai would go to work dressed in a suit and a necktie. Apart from the manager, Patelbhai was the only one wearing a tie.
2. All the workers carried their lunch boxes in casual bags, but Patelbhai carried it in a smart bag.
3. He liked smartly dressed people. Once he saw a lady of Indian origin in Dewsbury town centre. She was shabbily dressed. Patelbhai did not like this. He hired a taxi, paid the fare, and sent the lady home.
4. Patelbhai was very particular about matching colour-shirts, trousers, ties, shocks, and shoes. He spent hours in shops finding matching items.
5. His friend Bedar Lajpuri once visited Patelbhai's kitchen. It was all maroon. The walls, doors, windows, curtains, furniture, and even the cutleries were maroon.
6. When Patelbhai passed away, he left behind the following items: 210 suits, 240 shirts, 180 neck ties, 35 cufflinks, 150 pairs of shoes, 65 hats, and 26 walking sticks.

You may say that Patelbhai was a man of refined taste, or he was fastidious or he was obsessed. But you will agree that Patelbhai was a man of an attractive, likable, and fascinating personality. Ahmad Gul has portrayed this in his book in a beautiful way. I am sure you will enjoy reading this book.

I would like to thank Gujarati Writers Forum, Batley, particularly to Ahmad Gul for this honour.

**Speech delivered at the launch of the first edition of "Patelbhai" on 9th September, 2022 Batley, UK.**

# OBJECTIVE

Many decades ago, when Patelbhai moved from his old house in Taylor Street to live in North King Street, Batley, a friend of mine, who helped him move, casually remarked, ‘Oh my God! So many clothes, 40 suits, over 50 shirts!’ On hearing this, I decided at the time, I would pen this unusual and extraordinary story one day.

When his son, Yunus and his friend, Salim Sidat provided me with the details, including the quantities of items they found after his passing, I discover ed how far his craze for clothes had progressed, till his last breath. This is not a tale, it is a sheer reality that passed in our midst and the catalyst behind the publication of this prose.

There are people in our community, who appear to live an ordinary life like everybody else, but behind the scenes, they possess extraordinary features, habits and qualities which make them stand apart from the common folk. I have attempted to give shape to an individual who lived with us for many decades with an

extraordinary habit of buying clothes. I hope readers will like this humble effort of mine and enjoy reading about one aspect of Patelbhai's life.

I am thankful to Dr Ebrahim Dadibhai for English translation, also to Yunus Daji and Salim Sidat for providing very valuable information.

Ahmad Lunat Gul
Batley

# MAROON ALL AROUND

I came to the UK in 1978 and settled in Batley until 1987, when I eventually moved to Leicester. I still have fond memories of those nine years floating before my eyes. I loved playing cricket and I can still recall cricket matches, the fellow players and the atmosphere of the cricket ground. I have an intense connection with literature, I love poetry, and the poetry seminars as well as other literary activities regularly held in Batley are part of my unforgettable memories of those days. However even more so, I remember my relationship with Patelbhai.

Patelbhai lived in the same street as me, not far from my home. I never felt the huge generation gap between us and I frequently visited him at his home. Our meetings initially started with him receiving me in his lounge, but as we became closer, and if he was in his kitchen, he would call out, ‘I am here, come to the kitchen.’ I would go to the kitchen and our conversations would take off there.

I didn't notice his kitchen environment at the beginning, but after a few visits I started taking an interest. All four walls were painted maroon, and all the furniture and fittings were also maroon. The windows, doors, curtains, even the cutlery were maroon. Wherever you looked, it was the same, all maroon.

I thought this must be the result of his obsession with the colour matching and it must have taken him ever such a long time to find everything in the same colour. He must have visited many shops in search of everything matching, but this was Patelbhai, whatever he loved, he would do! It was an unforgettable obsession for colour matching.

Bedar Lajpuri
Leicester

# COLLECTIONS

I came to England for marriage purposes and I lived at my in-laws for the first few years. My father in law, Ismail Amoji Lunat, lived in the same street as Patelbhai in the village and so they were friends from before, but now, living so close to each other, their friendship grew even stronger. This is how I got to know him.

There was a huge age gap between us, however Patelbhai's loving and caring nature never allowed this generation gap to hinder our relationship. I loved talking with him freely and as the years passed, I realised he had a special, and unrelenting inclination to wear matching clothes.

After his demise, his son Yunus and I, together with a couple of friends, decided to sort through his possessions. As we opened the doors to his rooms, we were astonished by the fact that both rooms were completely filled with clothes and other items. We were speechless seeing everything he had collected in his rooms. So many pairs of

clothes, and all for one man. It was unbelievable but it was sheer reality. He had so much of everything, suits, shirts, shoes, everything you can think of. We took inventory, and I gave detailed quantities of everything he possessed to the writer of this book, Ahmedbhai. I have never seen in my entire life anyone collected as much as Patelbhai.

Salim Sidat
Batley

# LIFE IN INDIA

Patelbhai's real name was Ismail Ahmed Daji. His birth place was Alipore, and we both lived in the same street. I knew him from as long as I am old enough to remember. That's over three quarters of a century.

Our village was filled with farmers, but many had migrated to South Africa for business and settled there. They would come to visit Alipore intermittently and so Patelbhai's friendship with them grew. Their lifestyle left a deep imprint on his mind.

People of the village dressed casually and simply, the men usually wore short or long sleeved shirts and trousers. A few youngsters however would adorn fancy shirts tucked inside trousers. This was a modern fashion trend in the minds of the young folk. Patelbhai also dressed in modernity.

It was a tradition to keep doors and windows open. At Patelbhai's home however, the doors always remained shut. There was a 12" X 4" nameplate stuck on his door, with 'In' and

‘Out’ written in English, together with a slider, to let people know if he was at home or out. If the slider was on the left, it read ‘In’, and if on the right, it read ‘Out’. This shows just how sophisticated his life style was, similar to how one would see in any city dwelling.

Once a week, a barber came to his home to trim his hair. The barber must have spent at least two hours each time attending to Patelbhai, paying close attention to his moustache, trimming it to maintain his appearance, with Patelbhai providing repetitive, careful instructions to the barber with minute details. The barber was always very calm and he would obey every instruction.

Patelbhai’s father was Ahmed Daji who owned a business in the Waghai forest, felling trees. There were two or three other families in the village with the same business. The villagers regarded him as a clever and serious individual.

When I was a very young age, I came to know of him as we lived in the same street and I heard that Patelbhai went all the way to Aligarh for education. You would think he must have gone for college or University. But no. His father sent him all that way to Aligarh for high school.

Ebrahim bhai, the son of the village leader Asmalji Patel, was his classmate. However, India's movement for independence caused closures of schools, colleges, and Universities, bringing an abrupt end to Patelbhai's education.

Returned from Aligarh, his father thought that he should now start a job. There was a travel agency owned by two brothers, Yusufbhai and Ahmedbhai Patel, who were from the nearby village of Harangam. The head office was in Mumbai, with a branch in Surat as well. Due to his father's friendship with the owners, Patelbhai got a job in the Mumbai Office. His father was not interested in money and the sole objective was to train him for a progressive future in business.

After a month or so, the two owners had to go home from Mumbai for a family matter. Patelbhai was to shoulder the sole responsibility of the business in their absence. Now in full control, he noticed that the office walls had not been painted for a very long time and so he hired painters to start painting and decorating. He always purchased the best of everything and this was the case here in Mumbai too. On their return from home, the owners noticed the newly decorated office and being businessmen, they

knew when and how much should be spent on maintenance. Immediately, they realised they must release him from his job otherwise they may suffer losses in the future. Thus, he had to face the loss of his job and income, all for trying to do something good.

During the British Raj, the Government selected a a village chief, with the title ‘Patel’. His salary was minimal but he was given a piece of farm land to generate an income from its cultivation. Patel’s responsibility was mainly that of the Chief Governor of the village, to undertake primary investigations and report back to the District Governor with any complaints of theft, fights, family discord, terrorism, burglary, and similar petty crimes. His field of duty was between the Police and the Community.

Patel was selected every five years. Patelbhai also applied for this position and was successful. But his Patelhood didn’t last very long. He resigned for some reason but kept Patel as his surname, maintaining Dajipatel as his surname till the end of his life. His nearest and dearest called him Patelbhai and he became Patelbhai for everybody as time passed by. Therefore, I felt it appropriate to present him before my readers as Patelbhai.

From the very beginning, he had a keen habit of adorning the very best clothes. On rising each morning, he would take a bath and put on his best clothes whether he went out or not. If he didn't go out, he would simply remain at home clad in his outfit. Once it so happened that his street friend, Ebrahim Amoji Lunat, was sent a new shirt from his father in South Africa and he showed it to Patelbhai. The local tailor was unable to make such a lovely shirt as was made in South Africa, with the best quality material, perfect stitching, straight, stiff canvas collars and tiny plastic sticks at each end to keep it crease free.

The shirt was shown to him by his friend, who expressed his joy at his father sending him such a lovely gift. But Patelbhai fell in love at first sight and decided that he must get it off his friend. He began enticing him with different incentives and excuses, 'look brother, this shirt is meant for someone who wears a neck tie and tucks it into his trousers. You never wear a tie so it doesn't make any difference whether you wear this shirt or any other shirt. It will suit me best as I always wear a suit and tie with my shirt tucked into my trousers. I will get you two brand new shirts if you give me this one,' and so he went on and on. His friend replied, 'how can I part with this

gift from my father from so far away?' Patelbhai replied, 'In that case I will give you three shirts of your liking for this one shirt.' Eventually, his friend was overwhelmed and agreed that he would give his precious shirt to him, but would accept only two shirts in return. Such intense was Patelbhai's love for clothes that it lasted till his last breath.

# LIFE IN THE UK

During the period between 1954 to 1962, there was a race amongst our village folk to move to the UK, resulting in a large number of youths settling here. They all had the same resolve to go alone and then call their wife and children over to join them within two or three years, once they were settled with a good income and a house. Patelbhai was different from the others. He decided to take his only son, Yunus, 12 years old at the time, with him to the UK. Nobody had dared to bring any child of that young age over. When their own future seemed uncertain in a foreign land, how could they risk bringing their young children? who would care for them, and cook and clean for them? But what others couldn't do, Patelbhai always did.

In the beginning, all new immigrants had to work in textile mills usually always on the night shift. Even men of letters had no choice but to take factory jobs. Yorkshire was rich with woollen textile industries where the new settlers found their first jobs. Mill workers had to wear

appropriate working clothes, but Patelbhai, no, he was different, he couldn't see himself wearing an overall. He would go to work dressed in a suit and tie and his fancy clothes. Only two people could be seen wearing a suit and tie in the whole factory, the Manager, and of course, Patelbhai. Whether the day or night shift, the workers were there for twelve hours and had to bring their lunch boxes from home. All the workers would carry their tiffin in a casual bag, but Patelbhai couldn't settle carrying his tiffin in anything less than a smart bag. He left his factory job after a short time as he had found a casual estate agency job.

Patelbhai was unique in his clothing. It's worth remembering that whether he was working, shopping in town, or at a social function, he always came out of his house clad in a suit, tie and a fancy hat. That was his outstanding identity.

Once, I noticed he was extremely stressed. This was very unusual for someone like Patelbhai who always had a smiling and jolly exposition. I could see his face covered with obvious clouds of depression. I had to ask him the reason, 'Why are you looking so stressed?' After remaining quiet for a while, he broke the silence, 'I am deeply

stressed. You know I have only one son, and he lives in London. He wants to marry a Pakistani girl. Though I don't see any problem with this, nobody from our village has ever married a girl from faraway. Both have different countries of origin, that's my concern.'

I said, 'There is no distance in this. They both live in the same city, and they are British children. There is nothing to be unhappy about.' He replied, 'I am only worried that it might create problems in the future.'

I replied, 'Please listen to me carefully. Today your son has made a beginning, and that's exactly what will happen in the future. Our future generations will not think at all who has come from where. They will share one culture, attend the same schools and colleges, speak the same language and share the same environment. None of them will ever think about which country their parents have come from.'

Hearing me, one could see a wave of happiness passing over his face, his stress vanished, and I felt he was at ease. In astonishment, he asked, 'will that really happen?' I said, 'yes, let some time pass, and you will witness with your own eyes that's exactly what will happen. Yes, your son has made a start, and it's only natural that

you have doubts and reservations. You stop worrying about it, and happily accept whatever is happening.' I could see him happy with a sense of relief. Respectfully he accepted his daughter in law and kept a cordial relationship with her.

He always loved smart people. He liked anyone wearing a smart and sensible outfit and felt happy when he saw someone dressed well. But this is not always visible in reality. There are people who do not care about their appearance and what they wear. At times, you see such people dressed totally inappropriately, including their choice of clothes, colour and fashion.

Once it so happened that a Muslim lady was sitting on the footpath in Dewsbury town centre, with both knees far apart. People passed showing signs of disapproval at a lady sitting in such a manner in public. This lady had come from a more traditional village in India and was used to walking to farms for tilling, wearing a similar dress and outfit. She would sit on the edge of the farm for a brief respite and whilst this was quite normal for her in Indian village life, she did not know that in the UK people did not sit with such posture.

Patelbhai happened to be passing through Dewsbury Town centre and noticed this Indian Muslim lady wearing traditional dress, with

her head covered, munching crisps and sitting with both legs apart. He thought at once of the negative reaction this might cause with people walking by. He took immediate action. He waved down a taxi, approached the lady and without any hesitation, told her that he had called this taxi to take her home and that she didn't need to pay the taxi fare as he had already paid it. She just needed to give the driver her address. The lady was in the predicament of being unable to call a taxi due to the language barrier and so she happily got up, took the offer, and left in the taxi. Patelbhai had seen that lady for the first time yet realised that her innocent village behaviour could create a laughing matter with a negative impact on the Muslim community and so had to take appropriate action.

Patelbhai was a friendly natured person. He was always present at any public event, wedding celebrations, and festivities. In his later years, unable to walk due to severe arthritic knees, he had to rely on the use of a wheelchair. As days passed, his appearances in public gradually reduced. Once I met him by chance, and asked why he was avoiding appearances at social events, was he ok? He said everything was fine but due to his poor mobility, he had to use a wheelchair and he was too apprehensive thinking about

what people would say at seeing him in it. He didn't have the courage to face such reactions. I said, 'don't worry, this is reality, and it's not a cause for concern. Everybody in their old age has health problems as body organs become weaker and give way. In such conditions, there is no harm in using suitable aids to continue living a happy life and enjoy our remaining days.' Hearing my reassurances, his face lit up, and he promised that if this is the case, he will start coming to social occasions. I did thereafter notice him attending wedding ceremonies in his wheelchair.

The story will be incomplete without further mention of his outfits. One has to dig deep in order to understand his dress code and learn that his life was surrounded by meticulous adornments. Nobody can compete with the type of madness he exhibited in his selection of clothing. We can see the extraordinary life he spent amongst us, with his dress code a central point.

So, let us study in detail as to how far his love for clothing went. Each time he was about to wear a suit, he would complete a thorough check to ensure everything was matching, his shirt, tie, shoes, socks, the colour of everything must

match. He would go and buy anything that was needed to get the perfect colour match. Many a times, this was not an easy job. He had to search in many shops to buy the perfect article. Such fondness for matching colours created a huge stock of clothes in his house. You will be shocked to learn the number of each item of clothing, suits, shirts, ties, socks, shoes and so on, that were discovered in inventory after his passing. You will admit you have never come across such an individual, but it's a reality that he was indeed living amongst us not so long ago.

Two rooms in his house were filled to the utmost capacity with his belongings. His son Yunus, together with a couple of friends, counted each item. Upon meeting him later, I tried to establish facts, and the shocking results of the inventory will astonish you. Ask any member of our community how many suits he possesses, and the reply will most likely be around 4 or 5, or at most 10. Here, at Patelbhai's, it wasn't 10, it was far beyond that! 50 or 60 suits? Even more! You'll say, 'unbelievable!' It didn't stop with suits. As you learn more about the inventory, you will shake your head in disbelief. So let me end your suspense here, dear reader, and tell you the numbers that Yunus, and his friend Salim Sidat provided me with:

| | |
|---|---|
| Suits | 210 |
| Shirts | 240 |
| Cufflinks | 35 |
| Ties | 180 |
| Pairs of Shoes | 150 |
| Hats | 65 |
| Overcoats | 25 |
| Pyjamas | 30 |
| Umbrellas | 24 |
| Walking sticks | 26 |
| Bathsoaps | 70 |

After reading this list, you will naturally wonder whether this was a hobby, hoarding, or sheer madness. Whatever it may be, it's a reality, a historical fact. I personally feel that it was his obsession for colour matching that led to these extreme numbers. I couldn't control my surprise when Salim Sidat admitted that despite his vast collection of clothing, he only managed to use at most 25% of his clothing, and that 75% of everything was still brand new, unused and unopened.

I can say in conclusion, that only time will tell if such an individual will ever exist again in our community. If such a person is ever encountered,

you can say he is not the first. Patelbhai had taken the lead a long time ago with such an intense hobby, such a craving for clothes, and such a meticulous obsession for matching colours.

# પટેલભાઇ

ઈસ્માઈલ અહમદ દાજી પટેલ

૧૯૨૦-૨૦૧૦

**અહમદ લુણત ગુલ**

ગુજરાતી રાઈટર્સ ફોરમ
૨૭ જેમ્સ સ્ટ્રીટ
બાટલી યુ.કે. WF17 7PS

ફોનઃ ૦૦૪૪ ૧૯૨૪ ૪૭૪૩૫૮
૦૦૪૪ ૧૯૨૪ ૪૪૦૮૬૭

# પ્રયોજન

૧૯૫૪ પછીના ગાળામાં દક્ષિણ ગુજરાતના સુરત જિલ્લાના વિવિધ ગામોથી દેશાંતર કરીને વેસ્ટ યોર્કશાયરના એક નાનકડા શહેર બાટલીમાં ઘણાં લોકોએ વસવાટ કર્યો. બાટલીની પસંદગી માટે અહીંની વૂલન ટેક્ષટાઇલ ઇન્ડસ્ટ્રી મુખ્યત્વે કારણભૂત હતી. નાની મોટી ટેકરીઓની ખીણમાં વસેલું રળિયામણું નાનકડું શહેર બાટલી. એમાં ગુજરાતી મુસ્લિમોનો નાનકડો અમારો સમાજ.

સંશોધન પ્રક્રિયા પછી મેં એ સમાજમાંથી કેટલીક એવી વિભૂતિઓ શોધી કાઢી જેમનું જીવન આમ તો સમાજના અન્ય સદસ્ય જેવું જ પરંતુ બીજી રીતે કંઇક અનોખું.

ઇસ્માઇલ અહમદ દાજી પટેલ જેઓ પટેલભાઇના નામથી જાણીતા. એમની જીવન શૈલી વિષયક થોડી શોધ કરી તો મને લાગ્યું કે, એમની જીવન પદ્ધતિ પર થોડોક પ્રકાશ નાંખવામાં આવે તો આવનાર પેઢીને જાણ રહેશે કે, આપણા સમાજમાં એવી અનોખી પ્રતિભા સંપન્ન કેટલીક વ્યક્તિઓ પણ હતી, જેમની જીવન જીવવાની રીત અન્યો કરતાં કંઇક રીતે જૂદી પડતી. એમણે અપનાવેલ એ શૈલીને શબ્દદેહ આપી એક પુસ્તિકા સ્વરૂપે પ્રસિદ્ધ કરી ઉજાગર કરવાની મારી નેમ.

મને આ કાર્યમાં પટેલભાઈને નજીકથી જાણનારાઓએ ભરપૂર સહકાર આપ્યો તે બદલ હું એમનો અને ખાસ કરીને પટેલભાઈના સુપુત્ર યુનુસ અને સલીમ સીદાતનો ઋણી છું. આશા છે કે, વાંચકોને મારો આ નમ્ર પ્રયાસ ગમશે.

અહમદ લુણત ગુલ
બાટલી

# મરૂનમય

૧૯૭૮માં હું યુ.કે. આવ્યો અને બાટલી ખાતે વસવાટ કર્યો. ૧૯૮૭માં બાટલી છોડી લેસ્ટરમાં સ્થાયી થયો. બાટલીમાં વીતાવેલા ૯ વર્ષનાં અનેક સંસ્મરણો હજી આંખ સામે છે.

મને ક્રિકેટ રમવાનો બેહદ શોખ. કંઈ યાદગાર મેચો અને તે ગ્રાઉન્ડસ. એક સંભારણું છે મારા માટે. સાહિત્ય સાથે મને લગાવ. તેમાંયે અતિ શોખ વાંચનનો. બાટલીમાં યોજાતા મુશાયરાઓ પ્રત્યે મને ખાસ આકર્ષણ, બાટલીના દિવસો મારા માટે અવિસ્મરણિય રહ્યા છે. અને પટેલભાઇ સાથેના મારા ખાસ સંબંધોને હંમેશાં વાગોળ્યા કરું છું.

પટેલભાઈનાં ઘરથી થોડે દૂર મારૂં ઘર. અમારી ઉંમરમાં મોટો ફેર પણ એમના ગમતીલા અને પ્રેમાળ સ્વભાવથી ઉંમરનો તફાવત મેં કદી અનુભવેલો નહીં. એમના ઘરે ઘણીવેળા જવાનું થતું. શરૂઆતમાં સીટિંગ રૂમ સુધીનો વ્યવહાર. પરંતુ સંબંધ ગાઢ થતાં જ્યારે પણ હું એમના ઘરે જતો અને એઓ કિચનમાં બેઠા હોય તો બૂમ પાડીને કહે; “કિચનમાં બેઠો છું અહીં જ આવતા રહો” અને અમે અવનવી વાતોમાં ખોવાઈ જતા.

શરૂમાં એમના કિચનને મેં ધ્યાનપૂર્વક જોયેલું નહીં. પરંતુ બે ચાર વાર જવા પછી સ્વાભાવિક મારી નજર કિચનની દિવાલો

પર પડેલી. મરૂન રંગની ચારે દિવાલો. પછીતો હર એક ચીજ પર નજર પડી. બારીના પડદા મરૂન, ટેબલ ક્લોથ પણ મરૂન. અરે! છરી, કાંટા અને ચમચીના હાથાનો રંગ પણ મરૂન. મતલબ કે કિચનમાં જ્યાં જ્યાં નજર દોડાવો. બસ એક માત્ર રંગ મરૂન!!

હું વિચારતો કે, આ પટેલભાઇને મેચિંગની કેટલી ઘેલછા. બધી વસ્તુઓ એક જ રંગમાં! એને શોધતાં કેટલો સમય લાગેલો હશે, ક્યાં ક્યાં જઇને આ બધી વસ્તુઓ મેળવી હશે? ખરેખર પટેલભાઇ તો પટેલભાઇ જ! જે વિચારે તે કરે. અને મેચિંગ કરવાનો અદ્‌ભૂત શોખને કોઇપણ ભોગે પોષે.

બેદાર લાજપુરી
લેસ્ટર

# સંઘરો

શાદી નિમિત્તે મારે બ્રિટન આવવાનું થયું, શરૂઆતના વર્ષોમાં સાસરે રહેઠાણ રહ્યું. મારા સસરા ઈસ્માઈલ અમોજી લુણત અને પટેલભાઈ એક જ મહોલ્લામાં રહે.એમના સંબંધો ઘનિષ્ઠ. તેવી જ રીતે બાટલીમાં પણ એમના ઘરો એકબીજાથી નજીક હોવાથી એમના સંબંધો વધુ ગાઢ રહેલા. એ જ કારણે મારા સાથે પણ પટેલભાઈ સાથે સંબંધો વિકસેલા.

આમ તો અમારી વચ્ચે ઉંમરનો ઘણો તફાવત. પણ એમના નિખાલસ અને માયાળુ સ્વભાવને કારણે અમારા સંબંધોમાં ઉમરભેદને કોઈ સ્થાન ન હતું. ફુરસદના સમયે એમને મળવાનું અને સાથે બેસી ખુલ્લા મને વાર્તાલાપ કરવાનું મને ગમતું. વર્ષોના સહવાસ પછી હું એટલું જાણી શક્યો કે, એમને કપડાંનો અને મેચિંગ કરીને પહેરવાનો અનહદ શોખ. કપડાં ખરીદવામાં જરાયે પાછીપાની ન કરે.

એમના ઈન્તેકાલ પછી અમે બે ત્રણ સાથીઓએ એમના સુપુત્ર યુનુસ સાથે એમનાં કપડાં અને બીજી અન્ય વસ્તુઓનો યોગ્ય રીતે નિકાલ કરવાના આશયથી બંધ પડેલા બંન્ને રૂમો કે, જેમાં એમની તમામ વસ્તુઓ હતી, તે રૂમોને ખોલ્યા. બંન્ને રૂમો કપડાં અને અન્ય વસ્તુઓથી ચિક્કાર ભરેલા હતા. આટલાં બધાં કપડાં? અમે તો આભા જ બની ગયેલા. આટલાં બધાં

કપડાં એક શખ્સના હોઇ શકે? મન માનવા તૈયાર ન હતું. પણ અહીં તો નરી વાસ્તવિકતા હતી. અમે જોઇ રહ્યા હતા સૂટ શર્ટ જોડાં અને અનેક વસ્તુઓની ભરમાર.

પટેલભાઈની તમામ વસ્તુઓની પૂરી વિગત મેં આ પુસ્તિકાના લેખક અહમદભાઈને આપી છે. પોષાક પ્રત્યે આટલો અધિક લગાવ ધરાવનારી બીજી કોઇ વ્યક્તિ મેં આજપર્યંત જોઇ નથી.

સલીમ સીદાત
બાટલી

# વતનનું જીવન

પટેલભાઈ એટલે ઈસ્માઈલ અહમદ દાજી મૂળ વતન આલીપોર અને મારા જ મહોલ્લાના, હું જ્યારથી સમજણો થયો ત્યારથી એટલે કે, આજથી ઠીક પોણી સદીથી હું એમને ઓળખું. ગામ અમારૂં ખેતી પ્રધાન, પરંતુ ગામનાં ઘણાં લોકો સાઉથ આફ્રિકા જઈને વસેલા. અને તેમની અવારનવાર ગામની મુલાકાત નિમિત્તે પટેલભાઈને તેમના સંપર્કમાં આવવાનું થતું. તેથી તેમની જીવન શૈલીનો પટેલભાઈ ઉપર જબરો પ્રભાવ.

ગામના લોકોનો પહેરવેશ સીધોસાદો. પુરુષો શર્ટ, કફની કે ઝભ્ભો વગેરે પહેરે. પણ ગામનાં કેટલાક યુવાનો પાટલુનમાં અન્ડર શર્ટ કરે. ગામના લોકો માટે એ પહેરવેશ આધુનિક ગણાય. પટેલભાઈ પણ તેમાનાં એક.

એકંદરે ગામમાં બારણાં બંધ કરવાનો રિવાજ નહિવત્. પણ એમનાં ઘરના બારણાં હંમેશાં બંધ રહે અને બારણાં પર એક કાળા રંગની લગભગ 12" x 4" ની એક તક્તી જડેલી. જેમાં અંગ્રેજીમાં in અને out લખેલી એક સ્લાઈડ જડેલી. જેને in પર ખસેડવામાં આવે એટલે એ in ને ઢાંકી દે. જેથી તમે out વાંચી શકો. એનો અર્થ એ થયો કે એઓ ઘરમાં નથી. એથી ઉલટું out ની સ્લાઈડથી ઢાંકી દેવામાં આવે તો in વંચાય. એટલે એઓ ઘરમાં છે. મોટા શહેર જેવી વાત થઈને! આનાથી

એમના સ્વભાવની અને બીજા ગામવાસીઓથી તેઓ ભિન્ન છે એવી ઝાંખી થઇ શકે.

અઠવાડિયે એકવાર એમને ત્યાં હજામ દાઢી કાઢવા આવે પણ એ કાર્ય માટે હજામને દોઢથી બે કલાકનો સમય ફાળવવો પડે. મૂંછો એમને જેવી જોઇએ તેવી બનાવવાની અને તે માટે વારંવાર આમ કરો તેમ કરો જેવું ઝીણવટ ભર્યું કામ ચાલે, હજામ ખૂબ જ નરમ સ્વભાવનો માણસ. એક શબ્દ પણ ઉચ્ચારે નહીં. પટેલભાઇ જેમ કહે તેમ કરે. હજામ જ્યારે એમને ત્યાં આવે ત્યારે તેને ખબર હોય જ કે, એ માટે કેટલો સમય જોઇએ. અને તે રીતે એ તૈયાર થઇને જ આવે. દર અઠવાડિયે આજ ક્રમ. અને હજામ એને ચુપચાપ નિભાવે. અને પટેલભાઇ પણ એના સાથે પ્રેમથી વર્તે.

એમના પિતા અહમદ દાજી, ગામના લોકો એમને હોંશિયાર અને ઊંડી સમજ ધરાવનારા તરીકે ઓળખે. વઘઇના જંગલમાં વૃક્ષો કાપવાનો એમનો વ્યવસાય. ગામનાં બીજા ત્રણ ચાર કુટુંબો પણ આ ધંધામાં પરોવાયેલા. એ બધાની વઘઇમાં ઓફિસો અને માલ વહન માટે ટ્રકો (ટ્રોલીઓ) અને ગામ ખાતે ખેતી પણ ખરી, જો કે પટેલભાઇને કામ કરવાનું નહીં, ન ખેતીમાં ન વઘઇના જંગલમાં.

હું સમજણો થયો ત્યારથી લોકોથી મેં સાંભળેલું કે એમના પિતાએ ઠેઠ અલીગઢ સુધી એમને ભણવા મોકલેલા. તમે સમજશો કે કોલેજ અથવા યુનિવર્સિટીમાં અભ્યાસ અર્થે ગયેલા હશે. ના રે ના એવું નથી. માધ્યમિક શાળાના અભ્યાસ માટે એમને મોકલવામાં આવેલા. ગામના અગ્રણી અસ્માલજી પટેલના સુપુત્ર ઇબ્રાહીમભાઇ એમના સહપાઠી.

ભારતની આઝાદીના આંદોલનો જેમ જેમ ઉગ્ર થતાં ગયેલાં. તેમ તેમ યુનિવર્સિટી, કોલેજ અને માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ પર પણ એ આંદોલનોની અસર પડવા લાગેલી ત્યારે એમને અભ્યાસને પડતો મૂકીને અલીગઢથી પરત બોલાવી લેવામાં આવેલા. તે પછી એમણે અભ્યાસ તદ્દન છોડી દીધેલો.

અલીગઢથી પરત થયા બાદ એમના પિતાએ વિચાર્યું કે, હવે એમને કામધંધે લગાડવા જોઇએ. નજીકના હરણગામનાં યુસુફભાઇ અને અહમદભાઇ પટેલનો મુંબઇ ખાતે પટેલ બ્રધર્સના નામે ટ્રાવેલ એજન્સીનો વ્યવસાય. મુંબઇમાં હેડ ઓફિસ અને સુરતમાં પણ એક શાખા. પિતા સાથે પટેલ બ્રધર્સના સારા સંબંધો. એટલે પિતાની ભલામણથી એમને મુંબઇની ઓફિસમાં નોકરી મળી ગઇ. પિતાને તેમની કમાણીમાં કોઇ રસ નહીં. માત્ર કંઇક શીખે અને ભવિષ્યમાં ધંધાકીય પ્રગતિ કરે એટલો જ આશય.

એકાદ મહિના પછી ટ્રાવેલ એજન્સીના માલિકોને સામાજિક પ્રસંગોપાત ત્રણેક અઠવાડિયા માટે ગામ જવાનું થયું. ત્યારે પટેલભાઇને કારોભાર સોંપવામાં આવ્યો. ઓફિસમાં બીજા લોકો પણ કામ કરે પણ તેઓ માટે ભાગે પરપ્રાંતના. માત્ર પટેલભાઇ જ મિત્રના પુત્ર તેથી જ એમની પસંદગી કરવામાં આવેલી.

એમના સ્વભાવ પ્રમાણે એમને દરેક વસ્તુ સારી અને સુંદર જોઇએ. એમને લાગ્યું આ ઓફિસ સુંદર અને આધુનિક નથી. ન જાણે ક્યારે એનું રંગરોગાન થયેલું હશે. માટે એમાં રંગ કરવો ખૂબ જ જરૂરી છે. પછી શું જોવાનું એમણે તો વિચારને

અમલમાં જ મૂકી દીધો. રંગરેજોને બોલાવીને કામ સોંપી દીધું. જોત જોતામાં ઓફિસની રૂપરેખા જ બદલાઇ ગયેલી.

માલિકો જ્યારે ગામથી પાછા આવ્યા અને જોયું તો ઓફિસની સુંદરતા જોઇને અચંબામાં પડી ગયા. પણ એઓ તો વેપારી માણસ, જે કંઇ કરવું હોય તે વાર્ષિક બજેટ અનુસાર કરે. ચાલુ વર્ષે એમના બજેટમાં હતું જ નહીં કે ઓફિસમાં કંઇક ફેરફાર કરવો છે. પટેલભાઇને બજેટ વગેરેની શી ખબર. એમને મન તો ઓફિસ સુંદર હોવી જોઇએ. પણ માલિકો કંઇક જુદુ વિચારે એમને થયું ભવિષ્યમાં અમારી ગેરહાજરીમા આ ભાઇ શું નું શું કરી નાંખશે. માટે એમને અત્યારથી છૂટા કરી દેવા જોઇએ.

ખરેખર તો ઓફિસ વગેરેની સુંદરતાથી ગ્રાહકો પર પ્રભાવ પડે અને ધંધાનો વિકાસ થાય. એ બાબતે પટેલભાઇના વિચારો સાચા, પરંતુ માલિકો જૂની વિચારધારાથી ધંધો કરવા ટેવાયેલા હોવાથી પટેલભાઇને નોકરી છોડવાનું નુકશાન વેઠવું પડ્યું.

બ્રિટિશકાળમાં ગામના મુખીની નિમણૂંક કરવામાં આવતી, જેને પટેલ કહેવામાં આવતો. પટેલનો પગાર જૂજ પરંતુ થોડીક જમીન મળતી. જેને ખેડીને થોડી ઘણી કમાણી કરી શકાતી. પટેલની જવાબદારી ગામના મુખી તરીકેની ફરજ નિભાવવાની રહેતી. ખાસ કરીને ગામમાં થતા ગુનાહિત કાર્યો જેવા કે મારામારીના ઝગડા, ખેતીને લગતા અને કૌટુંબિક ઝગડાઓ, ચોરી, લૂંટફાટ વગેરે ગુનાહિત કાર્યોની પ્રાથમિક તપાસ કરીને તાલુકાના મામલતદાર સુધી પહોંચાડવાની જવાબદારી પટેલની ગણાતી. ટુંકમાં સરકારી પોલિસતંત્ર અને સમાજ વચ્ચે સેતુ સમાન એમનું કાર્યક્ષેત્ર હતું.

દર પાંચેક વર્ષે પટેલની નિમણૂંક થાય. એક વેળા પટેલભાઇએ પણ પટેલી માટે ઉમેદવારી નોંધાવેલી અને નસીબજોગે એમની નિમણૂંક પણ થઇ ગયેલી. તે પછી થોડાક જ સમયમાં કોઇ કારણસર એમણે પટેલ પદ છોડી દીધેલું. પણ એમની અટક પાછળ પટેલ લખવાનું એમણે ચાલુ રાખેલું અને જિંદગીના આખરી શ્વાસ સુધી દાજી પટેલ તરીકે જીવન જીવેલા.

એમના નજીકના સગાંઓ અને મિત્રો એમને હંમેશાં પટેલભાઇ તરીકે સંબોધન કરે. સમય જતાં સૌના પટેલભાઇ બની ગયેલા. મને પણ થયું કે, વાંચકો સમક્ષ એમને પટેલભાઇ તરીકે જ રજૂ કરું.

પટેલભાઇને શરૂઆતથી જ ઉત્તમ પોષાકનો શોખ રહેલો. સવારે ઉઠ્યા પછી નાહીધોઇ સારા કપડાં પહેરી બેઠા હોય, એવો એમનો નિત્યક્રમ. આકસ્મિક ક્યાંય જવાનું થાય તો એઓ તૈયાર જ હોય.

એકવેળા એવું બન્યું કે, એમના ફળિયામાં એક ભાઇ ઈબ્રાહીમ અમોજી લુણતના પિતાએ સાઉથ આફ્રિકાથી એક ઉત્તમ ક્વાલિટીનું શર્ટ મોકલેલું. તે ભાઇએ એ શર્ટ પટેલભાઇને ઔપચારિક રીતે આનંદપૂર્વક બતાવેલું. પરદેશમાં બનતાં શર્ટની ક્વાલિટી ઘણી સારી હોય છે. કપડું પણ ઉત્તમ પ્રકારનું અને સિલાઇ પણ ઘણી સારી હોય છે. ખાસ કરીને એના કોલરની બનાવટ તો એકદમ ઉચ્ચતમ હોય છે. એ પ્રકારના શર્ટ ગામડાના દરજીઓ બનાવી ન શકે, કોલરમાં સારા પ્રકારનો કેનવાસ મૂકવામાં આવે અને કોલરના બન્ને છેડે પ્લાસ્ટિકની પાતળી ચીપ્સ (સળી) મૂકવામાં આવે, જેથી કોલર

સીધા રહે અને એના ઉપર ટાઈ બાંધવામાં આવે તો સમગ્ર પોષાક શોભી ઉઠે.

ઈબ્રાહીમભાઈએ તો ઉમળકાભેર શર્ટ બતાવેલું. પણ અહીં તો પટેલભાઈની નજર અને ઉમદા પોષાક તો એમનો માનીતો વિષય. એમણે તો શર્ટ હાથમાં પકડતાં જ બરાબર જોઈ લીધું અને શર્ટની ક્વાલિટીનો અંદાજ પણ આવી ગયો. એમણે નક્કી જ કરી લીધું કે આ શર્ટ કોઈપણ ભોગે એમના પાસેથી લઈ લેવું, એટલે એમણે શર્ટના માલિકને અનેક પ્રકારના પ્રલોભનો આપવાના શરૂ કર્યા. શર્ટના માલિક એક જ ફળિયામાં રહે તેથી એમના વચ્ચે મિત્રતા તો ખરી.

પટેલભાઈએ કહ્યું, ‘‘જુઓ ભાઈ તમે મારી જેમ અન્ડર શર્ટ કરતા નથી અને કદી ટાઈ પણ બાંધતા નથી. એટલે તમને તો આ શર્ટ કે કોઈ બીજુ તેમાં કંઈ ફેર પડવાનો નથી. આ શર્ટ મને તો ખૂબ કામ આવી શકે છે. ખાસ કરીને સૂટ-ટાઈ સાથે પહેરવાથી આ શર્ટ પણ શોભામાં વધારો કરી શકે છે. તમને એની ખાસ જરૂરત રહેતી નથી. હું એ એક શર્ટના બદલામાં તમારી પસંદગી મુજબ તૈયાર કરેલાં બે નવા શર્ટની ઓફર કરૂં છું. અગર તમે સંમત ન થાઓ તો ત્રણ શર્ટ નવા સીવડાવી તમને આપી શકું છું. પણ મને આ શર્ટ જોઈએ.

ઈબ્રાહીમભાઈને થયું કે, એમની વાત સાચી છે. હું ક્યાં સૂટ-ટાઈમાં ફરવાનો છું. મારા માટે તો બધાં જ શર્ટ સરખાં અને એમણે પટેલ ભાઈની ઓફર સ્વીકારી લીધી. એમણે પોતાની સજ્જનતા બતાવી કહ્યું. ‘‘મને ત્રણ નહી, માત્ર બે જ શર્ટ આપો.’’ કપડાં પ્રત્યેનો એમનો મોહ જીવનના આખરી શ્વાસ સુધી અકબંધ રહેલો.

# બ્રિટનનું જીવન

લગભગ ૧૯૫૪થી લઈને ૧૯૬૨ સુધી ગામમાંથી ઘણાં ભાઈઓમાં યુ.કે. જવાની દોટ રહેલી. અને મોટી સંખ્યામાં ગામથી લોકો યુ.કે. જઈને ઠરીઠામ થઈ ગયેલા. જેમાંના લગભગ તમામ ભાઈઓએ વિચારેલું કે, પહેલાં ખુદ જશે અને બે ત્રણ વર્ષ પછી સાનુકૂળતાએ ફેમિલીને બોલાવી લેશે. ફેમિલી આવે તે પહેલાં ઘર ખરીદવું ખાસ અગત્યનું હોય છે.

પરંતુ પટેલભાઈએ તો કંઈક જુદું જ વિચારેલું. એમના એકના એક દીકરા યુનુસને પણ સાથે લીધા. જોકે ત્યારે યુનુસની ઉંમર માત્ર ૧૨ વર્ષની. એમના પહેલાં કોઈએ પણ આટલા નાના બાળકને સાથે લઈ આવવાની હિંમત કરેલી નહીં. જ્યારે ખુદના પ્રથમ પગલાં એક નવા દેશમાં પડી રહ્યાં હોય તો સાથે નાના બાળકને કોણ લઈ આવે. પણ બીજા ન કરે એ કામ પટેલભાઈ કરે.

શરૂઆતમાં તમામ વસાહતીઓને મિલમાં કામ કરવું પડેલું અને તેમાંયે મોટાભાગે તો રાતપાળીનું કામ મળતું. ડીગ્રી ધારીઓને પણ આરંભકાળમાં ફેક્ટરીનો સહારો લેવો પડેલો. યોર્કશાયરના વિસ્તારમાં વૂલન ટેક્ષટાઈલની ઘણી મિલો. તેમાં લોકોને નોકરી મળતી.

જો તમે ફેક્ટરીમાં કામ કરતા હોઈ તો તે કામને અનુકૂળ કપડાં પહેરવાં પડે અને કામદારો પહેરે પણ ખરા. પણ પટેલભાઈ તો નોખી માટીના. એમને ઓવરઓલ જેવાં કપડાં ન ફાવે. હંમેશાં સૂટ-ટાઈમાં રહેનારા કામ પર પણ એજ પોષાક પહેરીને જાય. ફેક્ટરીમાં માત્ર બે જણાં જ સૂટ-ટાઈમાં નજરે પડે. એક તો મેનેજર અને બીજા પટેલભાઈ!

મોટાભાગે મિલોમાં દિવસપાળી હોય કે રાતપાળી. પણ શીફ્ટ તો ૧૨ કલાકની એટલે તમામ કામદારો ઘરેથી જમવાનું લઈ આવે. અને તે માટે સામાન્ય થેલીનો ઉપયોગ કરે. પરંતુ પટેલભાઈને એવી સામાન્ય થેલી ગમે ? એ તો એક સુંદર હેન્ડબેગમાં પોતાનું ભોજન લઈ આવે. જો કે એમણે ફેક્ટરીમાં બહુ ઓછા સમય માટે નોકરી કરેલી. વધુ ભાગ તો ઘરો વેચવાના સબ-એજન્ટ અને બીજા છૂટા છવાયાં કામો કરતા રહેલા.

અત્યારે આપણે વાત કરી રહ્યા છીએ. એમના પહેરવેશ વિશે. તો એક વાત યાદ રાખવા જેવી છે. એમને કામ પર જવાનું હોય કે કોઈ સામાજિક પ્રસંગે હાજરી આપવાની હોય. અથવા શોપિંગ માટે ટાઉનમાં જવાનું હોય. એમને આ તમામ જગ્યાઓનો કોઈ ભેદ નહીં. હંમેશા સૂટ - ટાઈમાં જોવા મળે, મતલબ કે ઘરથી બહાર નીકળવાનું થાય એટલે સૂટ-ટાઈ સહિત સજ્જ થઈને નીકળવાનું. આપણે એમને સૂટ-ટાઈના માણસ કહી શકીએ.

હંમેશાં હસતા ચહેરે જોવા મળતા પટેલભાઈને મેં એકવાર ગંભીર મુદ્રામાં જોયેલા. મને આશ્ચર્ય થયેલું. એમને ગંભીરતા

સાથે શી લેવા દેવા. પણ અહીં તો ખરેખર એમના ચહેરા પર ગંભીરતાના વાદળો છવાયેલાં. મને થયું પૂછવું જોઈએ. આટલા ચિંતિત થયાનું શું કારણ હોઈ શકે ? અને ખરેખર મેં પૂછી જ નાંખ્યુ. "કેમ આટલા ઉદાસ લાગો છો ?" થોડીવાર વધુ ગંભીર થઈને કહ્યું, "મારો દીકરો લંડન રહે છે અને ત્યાં કોઈ પાકિસ્તાની છોકરીને પરણવા માંગે છે. આપણા ગામના કોઈએ આટલી દૂરની છોકરી સાથે લગ્ન કર્યા હોય એવું મારી જાણમાં નથી."

મેં કહ્યું "અરે! પટેલભાઈ એમાં આટલા દૂરની ક્યાં વાત છે? તેઓ તો અહીં એક જ શહેરમાં રહે છે. એમાં નિરાશ થવા જેવું પણ શું છે?" એમણે કહ્યું, "તેઓ મુસ્લિમ ખરા પણ મૂળ દેશ તો અલગ જ ને ભવિષ્યમાં કોઈ ગંભીર સમસ્યા ઊભી થઈ શકે." મેં કહ્યું, "મારી વાત જરા ધ્યાનથી સાંભળો આજે આપના દીકરાએ પહેલ કરી છે. પણ ભવિષ્યમાં એવું જ થવાનું છે." આપણી નવી પેઢી, જેમણે અહીં શ્વાસ લીધા છે. જે અહીંના વાતાવરણ ઉછરી રહી છે. એમનું તો એક જ કલ્ચર. એમને એની કોઈ પરવા રહેશે નહી કે, છોકરો કે છોકરીના માતાપિતા કયા દેશથી આવ્યા છે. એમના માટે તો એક જ સ્કૂલ, કોલેજ કે યુનિવર્સિટીમાં ભણેલાં બધાં જ સરખાં. એમની ભાષા એક અને એક જ વાતાવારણમાં થયેલો ઉછેર જ પૂરતું છે.

મારી વાત સાંભળી એમના ચહેરા પર ખુશીની એક લહેર દોડી ગઈ. એમણે પૂછ્યું "શું એવું થશે ? મેં કહ્યું "નચિંત રહો, બિલકુલ એવુ જ થશે. થોડો સમય વીતવા દો, તમે જોશો કે તદ્દન એવું જ થઈ રહ્યું છે. હા તમારા દીકરાએ પહેલ કરી

છે. એટલે તમને શંકા-કુશંકા થાય એ સ્વાભાવિક છે. બસ હવેથી ચિંતા કરવાનું છોડી દો અને જે થઈ રહ્યું છે. તેનો સહર્ષ સ્વીકાર કરી લ્યો.'' મેં ફરી એમને આનંદિત જોયેલા. એમણે વહુનો આદરપૂર્વક સ્વીકાર કરેલો અને તેની સાથે ખૂબ પ્રેમાળ સંબંધ જાળવી રાખેલો.

એમને હંમેશાં સ્માર્ટ માણસો વધુ ગમે. કોઈએ ઢંગથી, સમજદારીપૂર્વક કપડાં પહેર્યા હોય તે માણસ એમને પસંદ પડે. પોતે જે રીતે રહે તે પ્રમાણે અન્યને જોતાં આનંદ અનુભવે. એમની દિનચર્યા પણ જાણવા જેવી છે. સવારે ઉઠ્યા પછી સેવિંગ કરવાનો નિયમ. તેમાં દોઢેક કલાક કાઢી નાખે. કદી બે કલાક પણ થઈ જાય. પોતે જે રીતે કપડાંનો શોખ ધરાવે. તેવી જ રીતે બીજાઓ પાસે પણ આશા રાખે. પરંતુ વાસ્તવમાં એવું બનતું નથી. ક્યાંકને ક્યાંક તો એવા માણસો જોવા મળે કે, એમણે શું પહેર્યું છે તેનું ખુદને પણ ભાન હોતુ નથી. વળી ક્યારેક તો લઘર-વઘર કપડાંમાં પણ લોકો જોવા મળે.

એકવાર એવું બન્યું કે ડ્યુઝબરી ટાઉનમાં એક ગુજરાતી મુસ્લિમ મહિલા ફૂટપાઠ પર બેઠેલાં. તે પણ બન્ને પગો પહોળા કરીને. આબાદ જાણે કે કોઈ ખેતરના શેઢા પર બેઠા હોઈ એ રીતે બેઠેલાં જતાં આવતાં લોકો એ બહેનને નિહાળે અને કંઈક એવા મનોભાવ દ્વારા સંકેત આપીને જતા રહે કે, આ રીતનું જાહેરમાં બેસવું યોગ્ય ન કહેવાય. એ બહેન ઈન્ડિયાના છેવાડાના ગામથી આવેલાં. ખેતરમાં કામ પર જનાર બહેનો જેવું જ એમનું ભોળપણ. એમને જરાયે ભાન નહીં કે આવતાં જતાં લોકો એમને કંઈક અજબ પ્રકારની રીતે નિહાળે છે.

તે જ સમયે પટેલભાઈ પણ ડ્યુઝબરી ટાઉનમાં ફરતા હતા. એમની નજર પેલી મહિલા પર પડી. પહોળા પગો માથે ઓઢણી બાંધેલી. ત્યાંથી પસાર થનાર લોકો શું કહેતા હશે તેની લગીરે પરવા કર્યા વિના તદ્દન બેખર રીતે ચિપ્સ જેવું કંઈ ખાતાં હતાં. આ દૃશ્ય જોઈ પટેલભાઈથી રહેવાયું નહીં. ત્યાંથી એક ટેક્ષી જતી હતી તેને હાથ ઊંચો કરી ઊભી રખાવી અને પેલી મહિલા પાસે જઈને જરાય ખચકાટ વિના કહ્યું, ‘‘બહેન મેં તમારા માટે એક ટેક્ષી બોલાવી છે. એ તમને તમારા ઘર સુધી પહોંચાડી દેશે. ટેક્ષી વાળાને તમારે પૈસા આપવાના નથી. મેં આપી દીધા છે. પેલી બહેનને પણ અંગ્રેજી ભાષાના અભાવને કારણે ટેક્ષી બોલાવવાની તકલીફ જ હતી. એટલે ખુશીથી ટેક્ષીમાં બેસી ગયાં.

જે સ્ત્રીને એમણે જિંદગીમાં પહેલીવાર જોઈ હતી. ગામડાની એક ભોળીભાળી સ્ત્રી આમ મજાકનું કારણ બને અને આખી કોમની મશ્કરી થાય એ એમને જરાયે સ્વીકાર્ય ન હતું.

પટેલભાઈ એક મહેફિલી માણસ. એમની હાજરી હોય ત્યાં ઉલ્લાસમય આનંદિત વાતાવરણ હોવાનું જ. શાદી કે ગમીના પ્રસંગે એમની અચૂક હાજરી હોય જ. જિંદગીના આખરી પડાવે પગની તકલીફને કારણે એમને વ્હીલચેરનો સહારો લેવો પડતો. હંમેશાં લાગણીપૂર્વક હાજરી આપનાર હવે એવા જાહેર પ્રસંગોમાં હાજરી આપવાનું ટાળવા લાગેલા.

એકવાર આકસ્મિક મારી એમની સાથે મુલાકાત થયેલી. ઔપચારિક રીતે મેં પૂછેલું, ‘‘હાલમાં સામાજિક પ્રસંગોએ કંઈ દેખાતા નથી ને ! જવાબ આપ્યો, ‘‘આમ તો સારૂં છે.

પરંતુ ચાલવાની તકલીફ છે. વ્હીલચેરમાં બેસીને ખાસ કરીને શાદીના પ્રસંગોમાં જવાનું ટાળું છું. મને વ્હીલચેરમાં જોઈને લોકો શું કહેશે ? એટલે મારી હિંમત થતી નથી'' મેં કહ્યું, ''નહીં! સાહેબ! આ તો જીવનની નરી વાસ્તવિકતા છે. વૃદ્ધ અવસ્થામાં આપણા અવયવો ઢીલાં પડી જાય છે. જેના કારણે તકલીફો ઊભી થાય છે. તેની જગ્યાએ જે સાધનો ઉપલબ્ધ છે. તેનો ઉપયોગ કરી. જીવનના આ આખરી દિવસોને આનંદપૂર્વક માણવા જોઈએ.''

એમણે કહ્યું ''હા હું કોશિશ કરીશ.'' ત્યાર પછી મેં એમને શાદી પ્રસંગે વ્હીલચેરમાં હાજરી આપતા જોયેલા.

એમના પહેરવેશ વિશે પૂરી વાત ન કરીએ તો વાત અધૂરી ગણાય. એમનાં કપડાં વિશેના અભિગમને સમજવા માટે ઊંડુ ઉતરવું પડે. એમનું સમગ્ર જીવન પોષાકની આસપાસ ઘુમતું રહેલું. તેથી જ આ નાની સરખી પુસ્તિકા લખવા પ્રેરાયો છું. કપડાંનું જે એમને ઘેલું હતું, તેની બરાબરી કોઈ કરી શકે એમ નથી. એમના માટે હું એટલું કહીશ કે, તેઓ આપણી વચ્ચે જીવ્યા પણ એમની જીવન શૈલી અદ્‌ભૂત અને આપણાથી તદ્દન નોખી. પહેરવેશ હંમેશાં કેન્દ્રસ્થાને રહેલો.

ચાલો ત્યારે વિગતે જાણીએ કે, એમનો પોષાક પ્રેમ કેટલી હદે આગળ વધેલો હતો. જ્યારે સૂટ પહેરતા, તે પહેલાં વિચારતા કે, સૂટ સાથે બધું મેચિંગ છે કે નહીં? અર્થાત સૂટના રંગ સાથે જોડાનો રંગ પણ મેચ થવો જોઈએ, એટલુ જ નહીં ટાઈ પણ મેચ થવી જોઈએ અને શર્ટનું પણ મેચિંગ હોવું જરૂરી. એકપણ વસ્તુ ખૂટતી હોય તો તેની ખરીદી કરવામાં આવતી અને તે

કારણે એમના કપડાંનો એક પહાડ ઊભો થઈ ગયેલો. શર્ટ-સૂટ-ટાઈ-જોડા વગેરેની સંખ્યા જાણશો તો તમારા હોશ ઊડી જશે અને તમે આશ્ચર્યમાં ગરકાવ થઈ બોલી ઉઠશો. ખરેખર આવી વિરલ વ્યક્તિ આ પહેલાં જોઈ નથી. છતાં આ હકીકતનો સ્વીકાર કરવો જ રહ્યો.

સૌ પ્રથમ એમના સૂટ વિશે થોડુક જાણીએ. આપણા સમાજની કોઈપણ વ્યક્તિને પૂછીશું કે, તમારી પાસે કેટલાં સૂટ છે ? તો જવાબ મળશે ૪-૫ અથવા વધુમાં વધુ ૧૦. એથી આકડો વધશે નહીં. પણ અહીં તો આંકડો બસો ને વટાવી ગયેલો. ખરેખર એમની પાસે વિવિધ ડિઝાઈન અને રંગના ૨૧૦ સૂટ હતાં.

સૂટની વાત જાણી આપને જરૂર નવાઈ લાગી હશે. પણ હજી તો એક પછી એક આશ્ચર્યજનક વર્ણનો આવનાર છે. શર્ટની સંખ્યા જાણવાની કોશિશ કરીએ તો જવાબ મળશે એમની પાસે વિવિધ રંગના ૨૪૦ જેટલાં શર્ટ હતાં. શોખની હદ ક્યાં સુધી બાંધવી.

એજ પ્રમાણે ટાઈની પણ હાલત. એમના પાસે વિવિધ રંગ અને ડિઝાઈનની ૧૮૦ ટાઈ હતી. અને તે શર્ટ-સૂટ સાથે મેચિંગ કરવાની ધૂનમાં એમણે ટાઈનો આટલો મોટો સંગ્રહ કરી નાંખ્યો હતો.

હવે જોડા અંગેની તપાસ કરવાની ફરજ પડે છે અને એની પણ સંખ્યા કંઈ ચમત્કારથી કમ નથી. જોડાની પેર ૧૫૦ થી પણ વધુ હતી. દરેક સૂટ સાથે મેચિંગ કરવાની લ્હાયમાં જોડાની જાણે એક નાની સરખી દૂકાન જ ઊભી કરી દીધી હોઇ એવું લાગતું. એ સાથે બાકીની અન્ય ચીજોની સંખ્યા રજૂ કરૂં છું.

| | |
|---|---|
| સૂટ | ૨૧૦ |
| શર્ટ | ૨૪૦ |
| કફલિંગ | ૩૫ |
| ટાઈ | ૧૮૦ |
| જોડા | ૧૫૦ |
| હેટ | ૬૫ |
| ઓવર કોટ | ૨૫ |
| પયજામા | ૩૦ |
| છત્રી | ૨૪ |
| વોકિંગ સ્ટિક્સ | ૨૬ |
| ન્હાવાના સાબુ | ૭૦ |

આ બધા આંકડા જોયા અને એમનો અપૂર્વ શોખ જાણ્યા પછી આપણે કોઇ એક નિર્ણય પર આવવું પડશે કે, ગાંડપણ હતું, શોખ હતો કે સંગ્રહ કરવાની ટેવ હતી અથવા કોઈ અનોખી આદત હતી. જે કંઈ હતું તે હકીકત હતી. પણ હું એવું માનું છું કે, એમનો મેચિંગ કરવાના અમર્યાદિત શોખને કારણે આટલી મોટી સંખ્યામાં ચોંકાવનારા આંકડાઓ આપણે જોઈ શક્યા. મને એનાથીયે વિશેષ આશ્ચર્ય તો ત્યારે થયું. જ્યારે એમની દરેક વસ્તુની ગણતરી કરનાર સલીમભાઈ સીદાને કહ્યું કે, એમાની પોણા ભાગની (૭૫%) વસ્તુઓ તો તદ્દન કોરી જ હતી. એટલે કે એમણે વાપરેલી નહીં.

છેવટે એમના આ અદ્ભૂત શોખને જાણ્યા પછી કહેવું પડશે કે, શોખની પરાકાષ્ઠાએ પહોંચેલી આ એક અનોખી જીવનશૈલી હતી. હવે પછી ભવિષ્યમાં બાટલી જેવા નાના શહેરમાં ગુજરાતી મુસ્લિમ સમાજમાં આટલો શોખ ધરાવનાર કોઈ વિરલ પૈદા થશે કે કેમ ? માણસ જાત છે. માની ન શકાય એવા પરાક્રમો તો આખરે મનુષ્ય જ કરી શકે ને!